GJBN060007682025

| | | | |
|---|---|---|---|
| કેસ દાખલ તારીખ: | ૩૦/૦૬/૨૦૨૫ | | |
| કેસ રજીસ્ટર્ડ કર્યા તારીખ: | ૩૦/૦૬/૨૦૨૫ | | |
| કેસ નિકાલ કર્યા તારીખ: | ૨૦/૦૫/૨૦૨૬ | | |
| સમય અવધિ: | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૧૦ | ૨૪ |

સત્યમેव जयते

**ગારીયાધારના મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ શ્રી એચ.આર.ઠકકર સાહેબની કોર્ટમાં, મુ.ગારીયાધાર, જી.ભાવનગર**

---

**આંક : ૬૯**

**:: નમુનો – અ ::**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | |
| ફોજદારી કેસ નંબર | **૩૧૬/૨૦૨૫** |

| ગુનાની વિગત | |
|---|---|
| ગુનાની કલમ | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨), ૧૧૮(૧),૩૫૨,૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ |
| પ્ર.માહિતી અહેવાલ સંખ્યા | ૧૧૧૯૮૦૧૯૨૫૦૧૦૨/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | ગારીયાધાર પોલીસ સ્ટેશન, તા.ગારીયાધાર, જી.ભાવનગર |
| ફરિયાદપક્ષ | **સરકારશ્રી/ફરિયાદીનું નામ :**<br>**ગોરખભાઈ પોપટભાઈ ડેર,**<br>ઉ.વ.૫૧, જાતે–આહિર,<br>ગામ–માંડવી,તા.ગારીયાધાર,જી.ભાવનગર. |
| ફરીયાદપક્ષ તરફે રજૂઆત | વિ.એ.પી.પી.શ્રી આર.ડી.સેજુ |
| આરોપી પક્ષ | **૧.** **વિશાલભાઈ ઉર્ફે ટીલો ભુપતભાઈ ડેર,** ઉ.વ.૩૨,જાતે–આહિર<br>**૨.** **લાખાભાઈ ઉર્ફે જયેશભાઈ ભુપતભાઈ ડેર,** ઉ.વ.૨૯, જાતે–આહિર<br>૩. **રાહુલભાઈ ઉર્ફે લાલો ભુપતભાઈ ડેર,** ઉ.વ.૨૭, જાતે–આહિર<br>રહે તમામ– ગામ માંડવી, તા.ગારીયાધાર,જી.ભાવનગર. |
| બચાવપક્ષ તરફે રજુઆત | વિ.વ.શ્રી એન.એ.ચૌહાણ |

**:: નમુનો – બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૦/૦૩/૨૦૨૫ |

| | |
|---|---|
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | ૨૨/૦૩/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૦૨/૦૬/૨૦૨૫ |
| તહોમતનામા/પ્લી ની તારીખ | ૧૨/૦૮/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૪/૧૧/૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૨/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૦/૦૫/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | લાગુ પડતી નથી. |

:: આરોપીની વિગત ::

| અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિની તારીખ | ગુન્હાનું તહોમત | શું નિર્દોષ છોડયા / સજા કરી | કરવામા આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો ભા.ના.સુ.સંહિતાની કલમ-૪૬૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | વિશાલભાઈ ઉર્ફે ટીલો ભુપતભાઈ ડેર | ૧૪/૦૫/૨૦૨૫ | ૦૫/૦૬/૨૦૨૫ | ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબ | નિર્દોષ છોડયા | - | - |
| ૨. | લાખાભાઈ ઉર્ફે જયેશભાઈ ભુપતભાઈ ડેર | ૨૩/૦૩/૨૦૨૫ | ૦૭/૦૪/૨૦૨૫ | '' | નિર્દોષ છોડયા | - | - |
| ૩. | રાહુલભાઈ ઉર્ફે લાલો ભુપતભાઈ ડેર | ૨૩/૦૩/૨૦૨૫ | ૦૭/૦૪/૨૦૨૫ | '' | નિર્દોષ છોડયા | - | - |

:: નમૂનો - ક ::

**<u>ફરીયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી</u>**

અ. ફરીયાદ પક્ષના સાહેદ

| **અનુક્રમ** | **નામ** | **આંક** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| ફ.સા.૧ | હિરાભાઈ તેજાભાઈ પઢારીયા | ૨૭ | પંચ |
| ફ.સા.૨ | શાહબુદ્દીન મહમદભાઈ ગોરી | ૨૯ | પંચ |
| ફ.સા.૩ | પ્રવિણભાઈ અશોકભાઈ નૈયા | ૩૧ | પંચ |
| ફ.સા.૪ | શાહબુદ્દીન મહમદભાઈ ગોરી | ૩૨ | પંચ |
| ફ.સા.૫ | પ્રવિણભાઈ અશોકભાઈ નૈયા | ૩૪ | પંચ |
| ફ.સા.૬ | શાહબુદ્દીન મહમદભાઈ ગોરી | ૩૫ | પંચ |
| ફ.સા.૭ | પ્રવિણભાઈ અશોકભાઈ નૈયા | ૩૭ | પંચ |
| ફ.સા.૮ | સુરાભાઈ નાથાભાઈ ધાંધળ | ૪૦ | પંચ |

| | | | |
|---|---|---|---|
| ફ.સા.૯ | ગોરખભાઈ પોપટભાઈ ડેર | ૪૧ | ફરીયાદી |
| ફ.સા.૧૦ | અમરાભાઈ દેહાભાઈ ડેર | ૫૭ | સાહેદ |
| ફ.સા.૧૧ | રાવતભાઈ વિરાભાઈ ડેર | ૫૮ | સાહેદ |
| ફ.સા.૧૨ | જીવાભાઇ હમીરભાઈ ડેર | ૫૯ | સાહેદ |

બ. બચાવ પક્ષના સાહેદ

| **અનુ ક્ર.** | **નામ** | **આંક** | **પુરાવા નો પ્રકાર** |
|---|---|---|---|
| બ.સા.૧ | – | | |

ક. કોર્ટના સાહેદ

| **અનુ ક્ર.** | **નામ** | **આંક** | **પુરાવા નો પ્રકાર** |
|---|---|---|---|
| ન્યા.સા.૧ | – | | |

**<u>ફરીયાદી/બચાવ/ન્યાયાલય ના આંકની યાદી</u>**

અ.ફરીયાદ પક્ષના આંક

| **અનુ ક્ર.** | **આંક સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૧. | ૨૮ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું |
| ૨. | ૩૦ | અટક પંચનામું |
| ૩. | ૩૩ | ડિસ્કવરી પંચનામું |
| ૪. | ૩૬ | અટક પંચનામું |
| ૫. | ૪૨ | ફરીયાદ |
| ૬. | ૪૩ | ગોરખભાઈ પોપટભાઈ ડેરનું એસ.વી.પી. હોસ્પિટલનું ઇન્જરી સર્ટીફીકેટ |
| ૭. | ૪૪ | ગોરખભાઈ પોપટભાઇ ડેરનું ગારીયાધાર મેડીકલ ઓફિસરનું સર્ટીફીકેટ |
| ૮. | ૪૫ | લાલાભાઈ ગોરખભાઈ ડેરનું ગારીયાધાર મેડીકલ ઓફીસરનું સર્ટીફીકેટ |
| ૯. | ૪૬ | જિલ્લા મેજી.શ્રીનું હથિયારબંધી જાહેરનામુ |

બ.બચાવ

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | – | – |

ક. ન્યાયાલય આંક

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | – | – |

ડ. ભૌતિક પદાર્થ :

| અનુ ક્ર. | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | ૧ | એક પીત્તળના મુંઢમાં ફીટ કરેલ તલવાર જે મુંઢ બાદ ફળાની લંબાઇ માપી જોતા ૨ ફુટની તથા એક બાજુ ધારવાળી અણી વાળી જુના જેવી તલવાર છે જેના પર કોઇ નોંધનીય ચિન્હો જોવામાં આવતા નથી તે તલવાર તપાસ અર્થે |

| | | |
|---|---|---|
| | | કબજે કરેલ છે તે. |
| ૨. | ૧ | એક સ્ટીલના મુંઢમાં ફીટ કરેલ તલવાર જે મુંઢ બાદ ફળાની લંબાઇ માપી જોતા ૨ ફુટની તથા એક બાજુ ધારવાળી અણી વાળી જુના જેવી તલવાર છે જેના પર કોઇ નોંધનીય ચિન્હો જોવામાં આવતા નથી તે તલવાર તપાસ અર્થે કબજે કરેલ છે તે. |
| ૩. | ૧ | એક લોખંડનો પાઇપ અડધા ઇંચ ગોળાઇનો જે પાઇપની લંબાઇ ચાર ફુટ નવ ઇંચ છે જેના પર કોઇ નોંધનીય ચિન્હો જોવામાં આવતા નથી તે પાઇપ તપાસ અર્થે કબજે કરેલ છે તે. |

## -: ચુ કા દો :-

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૨૦/૦૩/૨૦૨૫ ના કલાક ૨૨:૦૦ વાગ્યે માંડવી ગામે આ કામના આરોપીઓ ગામમાં રબારીઓ સાથે અગાઉ થયેલ ઝગડાની ફરીયાદના કારણે રબારીને ગાળો બોલતા હોય જેથી આ કામના ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા આ કામના આરોપીઓ ઉશ્કેરાઇ જઇ ફરીયાદી સાથે બોલાચાલી કરી ગાળો આપી આરોપી નં.૧ તથા ૨ નાઓએ ફરીયાદીને તલવારના માંથા ઉપર ઘા કરતા હાથ આડો કરતા બંને હાથે ઇજા કરી તથા સાહેદ નં.૬ નાને આરોપી નં.૩ નાઓએ લોખંડના પાઇપ વતી મોઢા ઉપર ઇજાઓ પહોંચાડી એકબીજાએ મદદગારી કરી ફરીયાદીને તથા સાહેદને મારી નાખવાની ધમકી આપી મહે.ડી.એમ. સાહેબશ્રી ભાવનગરના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ. આ બાબતની ફરીયાદ ગારીયાધાર પોલીસે ગુના રજી.નં.૧૧૧૯૮૦૧૯૨૫૦૧૦૨/૨૦૨૫ થી આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એક્ટની કલમ- ૧૩૫ મુજબનો ગુનો દાખલ કરી, તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ કરી, તપાસના અંતે જરૂરી પુરાવો એકત્રીત કરી, આરોપીઓ વિરૂધ્ધ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ ની કલમ - ૧૯૩ મુજબ ચાર્જશીટ આ અદાલતમાં દાખલ કરવામાં આવતાં હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

(૨) ઉપરોકત ગુન્હાના કામે આરોપીઓ વિરૂદ્ધનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ થતાં તે આધારે આરોપીઓને સમન્સ/વોરંટ કાઢવામાં આવેલ, જે સમન્સ/વોરંટ આરોપીઓને બજી જતા આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતાં તેને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપી, આરોપીઓ સામે **આંક- ૮** થી તહોમતનામુ ફરમાવી, આરોપીઓનું પ્રાથમિક નિવેદન **આંક- ૯** થી **આંક-૧૧** માં લેવામાં આવતાં આરોપીઓએ ગુન્હા અંગેનો ઈન્કાર કરેલ છે. જેથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૬૫ મુજબ ફરીયાદપક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩)** ફરીયાદપક્ષ તરફે પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર થતાં હાલના કામે આરોપીઓ સામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૫૧ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ નિર્દોષ હોય તેઓને ખોટી રીતે સંડોવી દીધેલ છે.

**(૪)** ત્યારબાદ વિ.એપીપીશ્રી ની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે તથા બચાવપક્ષે વિ.વ.શ્રી એન.એ.ચૌહાણ નાઓની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

**(૫)** કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૨૦/૦૩/૨૦૨૫ ના કલાક ૨૨:૦૦ વાગ્યે માંડવી ગામે આ કામના આરોપીઓ ગામમાં રબારીઓ સાથે અગાઉ થયેલ ઝગડાની ફરીયાદના કારણે રબારીને ગાળો બોલતા હોય જેથી આ કામના ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા આ કામના આરોપીઓ ઉશ્કેરાઇ જઇ ફરીયાદી સાથે બોલાચાલી કરી ગાળો આપી આરોપી નં.૧ તથા ૨ નાઓએ ફરીયાદીને તલવારના માંથા ઉપર ઘા કરતા હાથ આડો કરતા બંને હાથે ઈજા કરી તથા સાહેદ નં.૬ નાને આરોપી નં.૩ નાઓએ લોખંડના પાઇપ વતી મોઢા ઉપર ઈજાઓ પહોંચાડી એકબીજાએ મદદગારી કરી ફરીયાદીને તથા સાહેદને મારી નાખવાની ધમકી આપી મહે.ડી.એમ. સાહેબશ્રી ભાવનગરના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષા અને દંડને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૫.૧)** ઉપરોકત મુદાના મારા નિર્ણયો અને કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

**–: <u>કા ર ણો</u> :–**

**<u>મુદ્દા નંબર</u> :– ૧**

**(૬)** આરોપીઓ સામે શંકાથી પર રીતે ગુન્હો સાબીત ન થાય ત્યાં સુધી આરોપીઓ નિર્દોષ છે તે ક્રિમીનલ જયુરીશપ્રુડન્સનું પાયાનું અનુમાન છે. જેથી ફરીયાદ પક્ષે તેમનો કેસ શંકાથી પર પુરવાર કરવાનો રહે છે. આ કામે આરોપીઓ વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાનો આરોપ મુકવામાં આવેલ છે.

**<u>ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૧૧૫:– સ્વૈચ્છાએ વ્યથા કરવા બાબત</u>**

*(૧) કોઈ વ્યકિત વ્યથા કરવાના ઈરાદાથી અથવા વ્યથા થવાનો સંભવ છે એવી જાણકારી સાથે જે કોઈ વ્યકિત કોઈ કૃત્ય કરે અને તેમ કરીને તેને વ્યથા કરે તેણે સ્વૈચ્છાપૂર્વક વ્યથા કરી કહેવાય.*

*(૨) જે કોઈ પણ, કલમ–૧૨૨ ની પેટા કલમ–૧ માં જણાવેલ સંજોગોમાં હોય તે સિવાય સ્વૈચ્છાપૂર્વક વ્યથા કરે, તેને એક વર્ષની મુદતની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીયા સુધીના દંડનીઅથવા તે બંને શિક્ષાકરવામાં આવશે.*

<u>આવશ્યક તત્વો</u>

*(૧) આરોપીએ ફરીયાદીને ખરેખર શારીરીક પીડા, રોગ અથવા અશકતતા પહોંચાડી હતી.*

*(૨) આરોપીએ એવું ઈજા પહોંચાડવા અથવા એમ જાણીને કર્યુ કે તેનાથી ઈજા પહોંચશે.*

<u>કલમ–૧૧૮(૧) : ભયંકર હથિયાર કે સાધનો વડે સ્વૈચ્છાપૂર્વક વ્યથા કે મહાવ્યથા કરવા બાબત</u>

*''કલમ – ૧૨૦ ની પેટા–કલમ (૧) માં જોગવાઈ કરેલ કેસ સિવાય , જે કોઈ પણ ગોળીબાર, છરા મારવા અથવા કાપવા માટેના કોઈપણ સાધન દ્વારા, અથવા ગુનાના શસ્ત્ર તરીકે ઉપયોગમાં લેવાતા કોઈપણ સાધન દ્વારા, અથવા આગ અથવા કોઈપણ ગરમ પદાર્થ દ્વારા, અથવા કોઈપણ ઝેર અથવા કોઈપણ કાટ લાગતા પદાર્થ દ્વારા, અથવા કોઈપણ વિસ્ફોટક પદાર્થ દ્વારા અથવા કોઈપણ પદાર્થ દ્વારા જે માનવ શરીર માટે શ્વાસમાં લેવા, ગળી જવા અથવા લોહીમાં પ્રવેશવા માટે હાનિકારક છે, અથવા કોઈપણ પ્રાણી દ્વારા સ્વેચ્છાએ નુકસાન પહોંચાડે છે, તેને ત્રણ વર્ષ સુધીની કેદની સજા અથવા વીસ હજાર રૂપિયા સુધીનો દંડ અથવા બંને સજા થશે.''*

<u>કલમ–૩૫૨ : સુલેહનો ભંગ કરવા ઉશ્કેરવા માટે ઈરાદાપૂર્વક અપમાન કરવા બાબત</u>

*''કોઈપણ વ્યકિત જાહેર સુલેહ શાંતિનો ભંગ કરે અથવા બીજો કોઈ ગુનો કરી બેસે એવા ઈરાદાથી અથવા કોઈ વ્યકિત જાહેર સુલેહ શાંતિનો ભંગ કરશે અથવા કોઈ ગુનો કરી બેસશે એવો સંભવ હોવાનું જાણવા છતાં, જે કોઈ વ્યકિત, ઈરાદાપૂર્વક બીજી કોઈ વ્યકિતનું અપમાન કરીને તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે, તેને બે વર્ષ સુધીની મુદતની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવશે.''*

<u>આવશ્યક તત્વો</u>

*(૧) આરોપીએ કોઈ વ્યકિતનું અપમાન કર્યુ હતું,*

*(૨) તેણે ઈરાદાપૂર્વક આમ કર્યુ હતુ,*

*(૩) તેણે, તેમ કરીને, તે વ્યકિતને ઉશ્કેરાટનું કારણ આપ્યું હતુ.*

*(૪) ઉશ્કેરાઈ જઈને તે વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરે અથવા બીજો કોઈ ગુનો કરી બેસે એવો તેનો ઈરાદો એવો હતો અથવા એવું થવાનો સંભવ હોવાનું તે જાણતો હતો.*

**કલમ—૩૫૧ : ગુનાહિત ધમકી**

**૩૫૧(૧) – ''જો કોઈ વ્યકિત, બીજી કોઈ વ્યકિતને તેના શરીર, આબરૂ કે મિલ્કતને અથવા જે વ્યકિતમાં તે બીજી વ્યકિત હિત ધરાવતી હોય તેના શરીર અથવા આબરૂને હાનિ પહોંચાડવાનાએવા ઈરાદાથી કોઈ સાધનો ધ્વારા ધમકી આપે કે જેથી તે વ્યકિત ભયભીત થાય અથવા એવી ધમકીનો અમલ થતો અટકાવવા માટે પોતે જે કરવા કાયદેસર બંધાયેલી ન હોય તે કામકરે અથવા જે કરવાનો પોતાને કાયદેસર હકક હોય તે કામ ન કરે, તેણે તે વ્યકિતને ધમકીઆપી ગણાય.''**

**૩૫૧(૩) – ''જો કોઈ ધમકી મૃત્યુ નીપજાવવાની અથવા મહાવ્યથા વગેરે કરવાની હોય તો જો તે ધમકીમૃત્યુ નીપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મિલ્કતનો નાશ કરવાની અથવા મોતની અથવા આજીવન કેદની અથવા સાત વર્ષ સુધીની કેદની શિક્ષાને પાત્રગુનો કરવાની હોય અથવા કોઈ સ્ત્રી ઉપર ચારિત્ર્ય હીનતાનું આળ મુકવાનું હોય, તો તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદનીઅથવા દંડની અથવા તે બંને શિક્ષાકરવામાં આવશે.''**

**આવશ્યક તત્વો**

*(૧) આરોપીએ કોઈકને ઈજા કરવાને ઈરાદાથી ધમકી આપેલી અથવા તેની આબરૂ અથવા મિલ્કતને નુકસાન થાય તે માટે આવી ધમકી આપેલી અથવા આવી વ્યકિત જે વ્યકિતમાં રસ ધરાવતી હતી તેવી વ્યકિતને ઈજા કરવા અથવા તેની આબરૂ કે મિલ્કતને નુકસાન કરવા માટે ધમકી આપી હતી.*

*(૨) આરોપીએ ગુનાનો ભોગ બનનાર અને ચેતવણી આપવાના ઈરાદાથી આ કરેલું.*

*(૩) આરોપીએ કોઈ કૃત્ય ભોગ બનનારને થાય તે માટે કરેલું કે જે માટે તે કાયદેસર બંધાયેલા હતા નહિ.*

**કલમ—૫૪ :– ગુનો કરવામાં આવે ત્યારે દુષ્પ્રેરકની હાજરી**

***''પોતે હાજર ન હોય અને પોતે કરેલા દુષ્પ્રેરણના પરિણામે થયેલા જે કૃત્ય માટે દુષ્પ્રેરક તરીકે કોઈ વ્યકિત શિક્ષાને પાત્ર થાય એવું કૃત્ય, પોતાની હાજરીમાં થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુનો કર્યો છે એમ ગણાશે.''***

(૭) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે જે સાહેદોને તપાસવામાં આવેલ છે તે પૈકી **આંક– ૨૭ થી પંચ હીરાભાઈ તેજાભાઈ પઢારીયા** તેઓના પુરાવામાં **આંક– ૨૮** થી રજુ તૈયાર પંચનામામાં સહી કર્યા સિવાય બીજું કશું જાણતાં ન હોવાની હકીકત જણાવેલ છે. જેથી સદર પંચસાહેદને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરી તેઓને ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૫૭ મુજબ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતાં પણ ફરિયાદપક્ષને સમર્થન કરતી કોઈ હકીકત બહાર લાવી શકેલ નથી.

૭.૧) ફરિયાદપક્ષે આ કામે **આંક– ૨૯ થી પંચ શાહબુદ્દીન મહમદભાઈ ગોરી** તથા **આંક– ૩૧ થી પંચ પ્રવિણભાઈ અશોકભાઈ નૈયા** તેઓના પુરાવામાં **આંક– ૩૦** થી રજુ તૈયાર પંચનામામાં સહી કર્યા સિવાય બીજું કશું જાણતાં ન હોવાની હકીકત જણાવેલ છે. જેથી સદર પં ચસાહેદને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરી તેઓને ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૫૭ મુજબ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતાં પણ ફરિયાદપક્ષને સમર્થન કરતી કોઈ હકીકત બહાર લાવી શકેલ નથી.

૭. ૨ ) ફરિયાદપક્ષે આ કામે **આંક– ૩૨ થી પંચ શાહબુદ્દીન મહમદભાઈ ગોરી** તથા **આંક– ૩૪ થી પંચ પ્રવિણભાઈ અશોકભાઈ નૈયા** તેઓના પુરાવામાં **આંક– ૩૩** થી રજુ તૈયાર પંચનામામાં સહી કર્યા સિવાય બીજું કશું જાણતાં ન હોવાની હકીકત જણાવેલ છે. જેથી સદર પં ચસાહેદને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરી તેઓને ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૫૭ મુજબ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતાં પણ ફરિયાદપક્ષને સમર્થન કરતી કોઈ હકીકત બહાર લાવી શકેલ નથી.

૭. ૩ ) ફરિયાદપક્ષે આ કામે **આંક– ૩૫ થી પંચ શાહબુદ્દીન મહમદભાઈ ગોરી** તથા **આંક– ૩૭ થી પંચ પ્રવિણભાઈ અશોકભાઈ નૈયા** તેઓના પુરાવામાં **આંક– ૩૬** થી રજુ તૈયાર પંચનામામાં સહી કર્યા સિવાય બીજું કશું જાણતાં ન હોવાની હકીકત જણાવેલ છે. જેથી સદર પં ચસાહેદને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરી તેઓને ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૫૭ મુજબ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતાં પણ ફરિયાદપક્ષને સમર્થન કરતી કોઈ હકીકત બહાર લાવી શકેલ નથી.

૭.૪ ) ફરીયાદપક્ષે આ કામે **આંક– ૪૦ થી પંચ સુરાભાઈ નાથાભાઈ ધાંધળ** તેઓના પુરાવામાં **આંક– ૨૮** થી રજુ તૈયાર પંચનામામાં સહી કર્યા સિવાય બીજું કશું જાણતાં ન હોવાની હકીકત જણાવેલ છે.જેથી સદર પંચસાહેદને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરી તેઓને ભારતીય સાક્ષ્ય

અધિનિયમની કલમ–૧૫૭ મુજબ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતાં પણ ફરિયાદપક્ષને સમર્થન કરતી કોઈ હકીકત બહાર લાવી શકેલ નથી.

૭. ૫ ) ફરિયાદપક્ષે આ કામે **આંક– ૪૧ થી ફરીયાદી ગોરખભાઈ પોપટભાઈ ડેર** તેઓના સોગંદ પરના પુરાવામાં એવી હકીકત જણાવે છે કે, તા.૨૦/૦૩/૨૫ ના રોજ ૧૦ વાગે તેઓ પોતાના ઘરે હતા ત્યારે મને વાતો વાત થી જાણવા મળેલ કે અમારા ગામના વિશાલ ઉર્ફે ટીલો અને તેના ભાઈઓને અમારા ગામના રબારી સાથે બોલાચાલી થયેલી અને આ ટીલો અને તેના ભાઈઓ હજુ પણ ગામમાં છે જેથી તેઓ પોતાના ઘરેથી ચાલતા ચાલતા લાલજીભાઈ ધાનાણીની ડેલ પાસે પહોચતા આ વિશાલ તથા લાખાભાઈ ડેર તથા રાહુલ ઉર્ફે લાલો આ ત્રણેયભાઈઓ ત્યાં ઉભા હતા અને બોલાચાલી કરતા હતા. જેથી તેઓ આવેશમાં આવી ને આ ત્રણેય આરોપી ઉપર ફરીયાદ આપેલી. મને આજરોજ રેકર્ડમાંથી અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તેમાં મારા ડાબા હાથનો અંગુઠો પોલીસે કરાવેલો. જે ઓળખી બતાવું છું જે **આંક ૪૨** થી રજુ છે.

જેથી સદર પંચસાહેદને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરી તેઓને ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૫૭ મુજબ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતાં પણ ફરિયાદપક્ષને સમર્થન કરતી કોઈ હકીકત બહાર લાવી શકેલ નથી.

વધુમાં બચાવપક્ષના વિ.વ.શ્રી તરફે ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વખતે અંધારૂ હતુ અને કોના હાથમાં શું હથીયાર હતુ તેની મને ખબર નથી.કોણ આરોપી શું બોલતુ હતુ અને કોને ઈજા કરેલી તેની મને ખબર નથી. કહેવાતી ઈજા કયા આરોપી ક્યા હથીયાર થી કરેલી તે કહી શકુ નહી. આરોપીઓએ અમોને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી.

૭. ૬ ) ફરિયાદપક્ષે આ કામે **આંક– ૫૭ થી સાહેદ અમરાભાઈ દેહાભાઈ ડેર** તેઓના સોગંદ પરના પુરાવામાં એવી હકીકત જણાવે છે કે, બનાવ શું બનેલો તેની તેઓને ખબર નથી. બનાવ બાબતે પોલીસે મારૂ નીવેદન લીધેલું.

જેથી સદર પંચસાહેદને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરી તેઓને ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૫૭ મુજબ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતાં પણ ફરિયાદપક્ષને સમર્થન કરતી કોઈ હકીકત બહાર લાવી

શકેલ નથી.

વધુમાં બચાવપક્ષના વિ.વ.શ્રી તરફે ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ મે નજરે જોયેલ નથી. મે આરોપીના હાથમાં હથીયાર જોયેલા નથી.

**૭.૭)** ફરિયાદપક્ષે આ કામે **આંક– ૫૮ થી સાહેદ રાવતભાઈ વિરાભાઈ ડેર** તેઓના સોગંદ પરના પુરાવામાં એવી હકીકત જણાવે છે કે, બનાવ શું બનેલો તેની તેઓને ખબર નથી. બનાવ બાબતે પોલીસે મારૂ નીવેદન લીધેલું.

જેથી સદર પંચસાહેદને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરી તેઓને ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૫૭ મુજબ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતાં પણ ફરિયાદપક્ષને સમર્થન કરતી કોઈ હકીકત બહાર લાવી શકેલ નથી.

વધુમાં બચાવપક્ષના વિ.વ.શ્રી તરફે ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ મે નજરે જોયેલ નથી. મે આરોપીના હાથમાં હથીયાર જોયેલા નથી.

**૭.૮)** ફરિયાદપક્ષે આ કામે **આંક– ૫૯ થી સાહેદ જીવાભાઈ હમીરભાઈ ડેર** તેઓના સોગંદ પરના પુરાવામાં એવી હકીકત જણાવે છે કે, બનાવ શું બનેલો તેની તેઓને ખબર નથી. બનાવ બાબતે પોલીસે મારૂ નીવેદન લીધેલું.

જેથી સદર પંચસાહેદને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા જાહેર કરી તેઓને ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૫૭ મુજબ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપતાં પણ ફરિયાદપક્ષને સમર્થન કરતી કોઈ હકીકત બહાર લાવી શકેલ નથી.

વધુમાં બચાવપક્ષના વિ.વ.શ્રી તરફે ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ મે નજરે જોયેલ નથી. મે આરોપીના હાથમાં હથીયાર જોયેલા નથી.

## –: પુરાવાકીય મૂલ્યાંકન :–

(૮) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે જે સાહેદોને તપાસવામાં આવેલ છે તે પૈકી **ફરીયાદી ગોરખભાઈ પોપટભાઈ ડેર** નાઓએ **આંક– ૪૧** ની સોગંદ ઉપરની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, તા.૨૦/૦૩/૨૫ ના રોજ ૧૦ વાગે તેઓ પોતાના ઘરે હતા ત્યારે મને વાતો વાત થી જાણવા મળેલ કે અમારા ગામના વિશાલ ઉર્ફે ટીલો અને તેના ભાઈઓને અમારા ગામના રબારી સાથે બોલાચાલી થયેલી અને આ ટીલો અને તેના ભાઈઓ હજુ પણ ગામમાં છે જેથી તેઓ પોતાના ઘરેથી ચાલતા ચાલતા લાલજીભાઈ ધાનાણીની ડેલ પાસે પહોચતા આ વિશાલ તથા લાખાભાઈ ડેર તથા રાહુલ ઉર્ફે લાલો આ ત્રણેયભાઈઓ ત્યાં ઉભા હતા અને બોલાચાલી કરતા હતા. જેથી તેઓ આવેશમાં

આવી ને આ ત્રણેય આરોપી ઉપર ફરીયાદ આપેલી.આમ, ફરીયાદી પોતાની ફરીયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોય, તેઓને **ફરી ગયેલા સાહેદ** જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીએ પરવાનગીથી ઉલટતપાસ કરેલ તેમ છતાં ફરીયાદીએ તેઓની ફરીયાદ હકીકતને સમર્થન આપેલ નથી અને બચાવપક્ષે ઉલટતપાસમાં સ્વીકાર કરેલ છે કે, બનાવ વખતે અંધારૂ હતુ અને કોના હાથમાં શું હથીયાર હતુ તેની મને ખબર નથી.કોણ આરોપી શું બોલતુ હતુ અને કોને ઈજા કરેલી તેની મને ખબર નથી. કહેવાતી ઈજા કયા આરોપી ક્યા હથીયાર થી કરેલી તે કહી શકુ નહી. આરોપીઓએ અમોને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી.<u>ત્યારબાદ</u> ફરીયાદપક્ષે **આંક–૫૭ થી સાહેદ અમરાભાઈ દેહાભાઈ ડેર, આંક– ૫૮ થી સાહેદ રાવતભાઈ વિરાભાઈ ડેર તથા આંક– ૫૯ થી સાહેદ જીવાભાઈ હમીરભાઈ ડેર** નાઓએ પણ ફરીયાદીની જુબાનીને અનુરૂપ પુરાવો રજુ કરેલ છે તેમજ સદર સાહેદને પણ ફરીયાદપક્ષ તરફે **ફરી ગયેલા સાહેદ** તરીકે જાહેર કરવામાં આવેલ છે. વધુમાં સદર સાહેદોએ પણ બનાવમાં તા.૨૦/૦૩/૨૫ ના રોજ રાત્રીના ૧૦ વાગે હુ મારા ઘરે હાજર હતો ત્યારે દેકારો થતા હું મુન્નાભાઈના ઘર પાસે આવતા અમારા ગામના રાહુલ ઉર્ફે લાલો ભુપતભાઈ ડેરના હાથમાં લોખંડનો પાઈપ તથા લાખો ઉર્ફે જયેશના હાથમાં તલવાર હોય તથા વિશાલ ઉર્ફે ટીલો ના હાથમાં તલવાર હોય અને અપશબ્દોમાં ગોરખભાઈ ને અપશબ્દો દેતા હોય અને ગોરખભાઈ દીકરા લાલાભાઈ આવી જતા આ રાહુલે પાઈપ નો ઘા કરેલ હોય અને હું તથા અમારા કુટુંબી રાવતભાઈ વિરાભાઈ તથા જીવાભાઈ હમીરભાઈ ડેર એ રીતેના વચ્ચે પડતા આ લોકોને વધુ માર મારવા દીધેલ હોય અને આ ત્રણેય ભાઈઓ કહેતા હોય કે અમારી વાતમાં પડશો તો જીવતા રહેવા દેશું નહી તેવી ધમકી આપતા હોય તેવુ બનેલ હોય તેવી બાબતનો ઉલટતપાસમાં સ્પષ્ટ ઈન્કાર કરેલ છે.

વધુમાં આ કામે **આંક– ૪૩** થી **આંક– ૪૫** સુધી **સાહેદોના** સારવાર સર્ટીફીકેટ રજુ થયેલ છે પરંતુ તે બાબતે ફરીયાદપક્ષ તરફે કોઈ મેડીકલ સાહેદને તપાસવામાં આવેલ નથી. તેમજ સદરહું મેડીકલ પુરાવાઓ જોતાં ફરીયાદી તથા સાહેદોને ઈજા થયેલાનું માની શકાય પરંતુ સદર ઈજાઓ હાલના કામના આરોપીઓ ઘ્વારા જ કરવામાં આવેલ છે કે કેમ તેવું ફરીયાદપક્ષના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓથી નિ:શંકપણે પુરવાર થતું નથી.

વધુમાં આ કામે **આંક– ૨૮ થી** ગુનાવાળી જગ્યાનું પંચનામું, **આંક– ૩૦ થી** અટક પંચનામું,**આંક– ૩૩ થી** ડીસ્કવરી પંચનામું તથા **આંક– ૩૬ થી** અટક પંચનામા બાબતે પણ પંચો તે પંચનામાઓને સમર્થન કરતો પુરાવો આપેલ ન હોય અને સરકારશ્રી તરફે વિમુખ જાહેર થયેલ હોય, જેથી ઉપરોકત તમામ પંચનામાઓ પુરવાર થયેલા માની શકાય નહી.

(૯) વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટે **'Satish mehra vs. Delhi Administration' (1996**

**JCC 507) In Satish Mehta vs Delhi Administration** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, It was held by the Hon'ble Supreme court of India that' when the Judge is fairly certain that there is no prospect of the case ending in conviction the valuable time of the court should not be wasted for holding of trial, only for the purpose of formally completing the prouncement of the conclusion on a future date if the case ends with acquittal after examine the witness it is better to drop the other witnesses it gains a lot of time of the court and save much human effect and cost and also provide the speedy remedy.

આમ, ઉપરોકત નામ.સુપ્રિમકોર્ટના ચુકાદાઓને ધ્યાને રાખીને પણ જ્યારે કેસમાં આરોપીને સજા થવાની કોઈ શકયતાઓ જ રહેલ નથી તેવા સંજોગોમા માત્ર પ્રોસીજર પુરી કરવા સારૂ ટ્રાયલ પુરી કરવી જરૂરી નથી.

**(૧૦)** આમ, ઉપરોકત ફરીયાદપક્ષના સાહેદો (ફરીયાદી) ફરીયાદ હકીકત મુજબની હકીકત જણાવતાં ન હોય અને તદ્દન વિપરીત હકીકત જણાવતાં હોય તથા સાહેદોને સરકારશ્રી તરફે વિમુખ થયેલા જાહેર કરવામાં આવેલ હોય જેથી સાહેદોની જુબાનીથી ફરીયાદને સમર્થન મળતું નથી. વધુમાં ફરીયાદપક્ષ તરફે અન્ય કોઈ સાહેદોનો પુરાવો રજુ થયેલ નથી તેમજ જયારે ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદો ખુદ તેઓની ફરીયાદ હકીકતને સમર્થન આપેલ ન હોય ત્યારે અન્ય કોઈ સાહેદના પુરાવાનું મહત્વ રહેતુ નથી. આમ, હાલના કામે ફરીયાદીની જુબાની જોતાં, કહેવાતા બનાવમાં આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલ તે સિવાય બીજું કાંઈ બનેલ ન હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. તે સંજોગોમાં આ કામના આરોપીઓએ તા.૨૦/૦૩/૨૦૨૫ ના કલાક ૨૨:૦૦ વાગ્યે માંડવી ગામે આ કામના આરોપીઓ ગામમાં રબારીઓ સાથે અગાઉ થયેલ ઝગડાની ફરીયાદના કારણે રબારીને ગાળો બોલતા હોય જેથી આ કામના ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા આ કામના આરોપીઓ ઉશ્કેરાઇ જઇ ફરીયાદી સાથે બોલાચાલી કરી ગાળો આપી આરોપી નં.૧ તથા ૨ નાઓએ ફરીયાદીને તલવારના માંથા ઉપર ઘા કરતા હાથ આડો કરતા બંને હાથે ઈજા કરી તથા સાહેદ નં.૬ નાને આરોપી નં.૩ નાઓએ લોખંડના પાઇપ વતી મોઢા ઉપર ઈજાઓ પહોંચાડી એકબીજાએ મદદગારી કરી ફરીયાદીને તથા સાહેદને મારી નાખવાની ધમકી આપી મહે.ડી.એમ. સાહેબશ્રી ભાવનગરના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવાનું રજુ થયેલ પુરાવાથી પુરવાર થતુ ન હોય, ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂદ્ધના ગુન્હાનું એકપણ તત્ત્વ રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ રહેલા હોય, મુદ્દા નં.૧ નો જવાબ **નકારમાં** આપી, મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો હુકમ કરું છું.

:: **હુકમ** ::

(૧) આ કામના આરોપી નં.**(૧) વિશાલભાઈ ઉર્ફે ટીલો ભુપતભાઈ ડેર, ઉ.વ.૩૨,જાતે–આહિર, રહે– ગામ માંડવી,તા.ગારીયાધાર,જી.ભાવનગર (૨) લાખાભાઈ ઉર્ફે જયેશભાઈ ભુપતભાઈ ડેર,ઉ.વ.૨૯, જાતે–આહિર,રહે– ગામ માંડવી,તા.ગારીયાધાર,જી.ભાવનગર (૩) રાહુલભાઈ ઉર્ફે લાલો ભુપતભાઈ ડેર, ઉ.વ.૨૭, જાતે–આહિર, રહે–ગામ માંડવી, તા.ગારીયાધાર,જી.ભાવનગર** નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૨) મુજબ, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુના સબબ શંકાનો લાભ આપી નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ પાવતી મુજબના નોન–વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવો.

(૩) દરેક આરોપીઓએ અપીલ અદાલતમાં હાજર રહેવાના બી.એન.એસ.એસ–૨૦૨૩ ની કલમ–૪૮૧ મુજબના રૂ.૫,૦૦૦/– ના જામીન તથા જાતમુચરકા રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ તા. ૨૦મી, માહે– મે, સને– ૨૦૨૬ ના રોજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી તથા સિકકો કરીને જાહેર કર્યો.

તારીખ : ૨૦/૦૫/૨૦૨૬
સ્થળ : ગારીયાધાર

**(હિતેષકુમાર રસીકલાલ ઠકકર)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ગારીયાધાર
Code No.GJ01448

*N.H.KATARIYA, PA*